## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૦૯/૦૪/૨૦૧૩ ને મંગળવારના રોજ બપોરના ૧૫.૩૦ કલાકે મળેલ ૨૧૮ મી બેઠકની કાર્યવાહી નોંધ

---

**બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | | |
|---|---|---|---|
| ૧. | અધ્યક્ષશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા | : | અધ્યક્ષશ્રી |
| ૨. | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મહાનગરસેવાસદન,<br>વડોદરા | : | સભ્યશ્રી |
| ૩. | મુખ્ય કારોબારી અધિકારીશ્રી,<br>શહેરી વિકાસ સત્તામંડળ,<br>વડોદરા | : | સભ્ય-સચિવશ્રી |

આ ઉપરાંત બેઠકમાં કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર સેવાસદન વતી આસી. મ્યુનિપલ કમિશ્નરશ્રી વડોદરા મહાનગર સેવાસદન વડોદરા, બેઠકમાં હાજર રહેલ હતાં. ત્યારબાદ બેઠકમાં કોરમ થવાથી નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુધ્દા નંબર (૧) : સત્તામંડળની તા.૩૦/૦૧/૨૦૧૩ ની ૨૧૭ મી બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.**

સત્તામંડળની તા.30/01/2013 ની 217મી બેઠકની કાર્યવાહી નોંધ અત્રેના પત્ર નં. નં.યુડીએ/મિટિંગ/૨૮૧/૨૦૧૩ તા.૩૦/૦૧/૨૦૧૩ થી સત્તામંડળના તમામ સભ્યશ્રીઓને પાઠવવામાં આવેલ છે, જે સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા આ બાબતે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૨):** સત્તામંડળની તા.30/01/2013 ની 217 મી બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદ્દા નંબર (૨) : સત્તામંડળની તા. ૦૫/૦૯/૨૦૧૨ ની ૨૧૬ મી બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ બાબત**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા ૦૫/૦૯/૨૦૧૩ ની ૨૧૬** મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો અંગે ચર્ચા વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૩):** સત્તામંડળની **તા ૦૫/૦૯/૨૦૧૩ની ૨૧૬** મી બેઠકમાં થયેલ ઠરાવોની વિગતો પર થયેલ અમલીકરણની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુદદા નંબર.(૩): સત્તામંડળનુ સને ૨૦૧૨-૧૩ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

સત્તામંડળનુ સને ૨૦૧૨-૧૩ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૩-૨૦૧૪ નુ અંદાજપત્ર સત્તામંડળની બહાલી માટે રજુ કરાતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૪):** સત્તામંડળના સને ૨૦૧૨-૧૩ નુ સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૧૩-૨૦૧૪ ના અંદાજપત્રને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**મુધ્દા નંબર (૪) : મોજે ખાનપુરા-અંકોડીયા ટી.પી. નં. ૨, પ્રારંભીક નગર રચના યોજનાના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરીથી ૭ કી.મી. દુર, વડોદરા શહેરની દક્ષિણ – પશ્વિમે, વડોદરા મહાનાગર સેવાસદનની ગોત્રી ગામની હદને લાગુમાં આશરે ૬૩ હેકટર જમીનમાં ખાનપુર-એકોડીયા ટી.પી. નં. ૨ બનાવામાં આવેલ છે. આજુ-બાજુ નો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. હાલમાં સેવાસી ટી.પી-૧ ના રોડની કામગીરી પૂર્ણ થવાપર છે. અને તેના દરેક રસ્તા ખૂલ્લા કરવામાં આવેલ છે. ખાનપુર-અંકોડીયા નગર રચના યોજના-૨ નો પ્રારંભીક ઈરાદો મંજુર થઈ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ છે. સદર નગર રચના યોજનાનુ અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સદર વિસ્તારમાં રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી કરવાનુ નકકી કરવામાં આવેલ છે.

સદર નગર રચના યોજનામાં યોજનાનુ અમલીકરણ કરવાનુ હોવાથી સદર ટી.પી. સ્કીમમાં વુડાને ફાળવવામાં આવેલ વેચાણ પાત્ર રહેણાંક તથા વાણીજયના પ્લોટ ના વેચાણથી અંદાજે રૂા.૪૦/- થી રૂા.૪૫/- કરોડ રૂપીયા મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી. સ્કીમમાં થનાર ખર્ચના ૭૫% રકમ ગ્રાન્ટ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે. આ સંજોગોમાં ટી.પી. સ્કીમોના રોડનુ સુંદર આયોજન કરી વધુ લોકઉપયોગી થાય તે મુજબ બનાવવાનુ નકકી કરેલ છે. જેમાં ૧૮ મી. તથા તેથી ઉપરના તમામ રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનુ આયોજન કરેલ છે. સેવાસી ટી.પી. સ્કીમ ૧ ના રોડની ક્રસ થીકનેસ માટે ગેરી વિભાગ પાસેથી ડીઝાઈન તૈયાર કરાવામાં આવેલ હતી. સદર જમીનનો સ્ટેટા એકજ હોવાથી તે ક્રસ થીકનેસ મુજબ રોડની ડીઝાઈન કરી તેના અંદાજો બનાવવામાં આવેલ છે. જેમાં કુલ ૬૭૩૦ મી. ની લંબાઈ માટે અંદાજે રૂા.૮.૪૫ કરોડ નો ખર્ચ થાય તેમ છે. જેમાં સદર ટી.પી. સ્કીમના દરેકે દરેક રસ્તા આવરી લેવામાં આવેલ છે. આમ ખાનપુર-અંકોડીયા ખાતેની ટી.પી. સ્કીમ નં - ૨ ના અમલીકરણના ભાગરૂપે કાર્પેટ રસ્તાઓ બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર ખર્ચ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૫) :** પ્રારંભીક નગર રચના યોજના ખાનપુર અંકોડીયા નં. ૨ ના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમના રોડના પઝેસનો મેળવી તેના કાર્પેટ રસ્તા બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર અંદાજીત રૂા.૮.૪૫ કરોડના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૫) : મોજે ખાનપુરા-સેવાસી ટી.પી. ૧, ખાતે નગર રચના યોજનાના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરીથી ૭ કી.મી. દુર, વડોદરા શહેરની પશ્ચિમે, વડોદરા મહાનાગર સેવાસદનની ગોત્રી ગામની હદને લાગુમાં આશરે ૭૦ હેકટર જમીનમાં ખાનપુર-સેવાસી ટી.પી. ૧ બનાવામાં આવેલ છે. આજુ-બાજુનો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. હાલમાં સેવાસી ટી.પી-૧ ના રોડની કામગીરી પૂર્ણ થવાપર છે. અને તેના દરેક રસ્તા ખૂલ્લા કરવામાં આવેલ છે. ખાનપુર-સેવાસી નગર રચના યોજના-૧ મુસધ્દારૂપ નગર રચના યોજના અંતિમ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. જેમાં સદર વિસ્તારમાં થઈ રહેલ ડેવલોપમેન્ટને ધ્યાને લેતા નગર રચના યોજનાના ટી.પી. ના રોડના પઝેશનો મેળવી, અમલીકરણ કરવાનુ નકકી કરવામાં આવેલ છે. જે અંતર્ગત સદર વિસ્તારમાં રોડના પઝેશનો મેળવી કાર્પેટ રોડની કામગીરી કરવાનુ નકકી કરવામાં આવેલ છે.

સદર નગર રચના યોજનામાં યોજનાનુ અમલીકરણ કરવાનુ હોવાથી સદર ટી.પી. સ્કીમમાં વુડાને ફાળવવામાં આવેલ વેચાણ પાત્ર રહેણાંક તથા વાણીજયના પ્લોટ ના વેચાણથી અંદાજે રૂા.૩૫/- થી રૂા.૪૦/- કરોડ રૂપીયા મળે તેમ છે. આ ઉપરાંત બેટરમેન્ટ ચાર્જની આવક તથા સદર ટી.પી. સ્કીમમાં થનાર ખર્ચના ૭૫% રકમ ગ્રાન્ટ પેટે સરકારશ્રી તરફથી મળે તેમ છે. આ સંજોગોમાં ટી.પી. સ્કીમોના રોડનુ સુંદર આયોજન કરી વધુ લોકઉપયોગી થાય તે મુજબ બનાવવાનુ નકકી કરેલ છે. જેમાં ૧૮ મી. તથા તેથી ઉપરના તમામ રસ્તાઓ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ડબલ ટ્રેકના કરવાનુ આયોજન કરેલ છે. સેવાસી ટી.પી. સ્કીમ ૧ ના રોડની ક્રસ થીકનેસ માટે ગેરી વિભાગ પાસેથી ડીઝાઈન તૈયાર કરાવામાં આવેલ હતી. સદર જમીનનો સ્ટેટા એકજ હોવાથી તે ક્રસ થીકનેસ મુજબ રોડની ડીઝાઈન કરી તેના અંદાજો બનાવવામાં આવેલ છે. જેમાં કુલ ૮૩૪૦ મી. ની લંબાઈ માટે અંદાજે રૂા.૯.૮૦ કરોડ નો ખર્ચ થાય તેમ છે. જેમાં સદર ટી.પી. સ્કીમના દરેકે દરેક રસ્તા આવરી લેવામાં આવેલ છે. આમ ખાનપુર-સેવાસી ખાતેની ટી.પી. સ્કીમ નં - ૧ ના અમલીકરણના ભાગરૂપે કાર્પેટ રસ્તાઓ બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર ખર્ચ બાબતનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૬)** : મુસધ્દારૂપ નગર રચના યોજના ખાનપુર-સેવાસી નં. ૧ ના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમના રોડના પઝેસનો મેળવી તેના કાર્પેટ રસ્તા બનાવવાની કામગીરી તથા તે અંગે થનાર અંદાજીત રૂા.૯.૮૦ કરોડના ખર્ચને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૬) : મોજે સેવાસી ટી.પી. ૨, ખાતે ૩૦ મી. નો મુખ્ય રસ્તો તથા ભાયલી નગર રચના યોજના – ૨ ના વરસાદી કાંસની બાજુના રસ્તાના અમલીકરણ બાબત.**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે શહેરીથી ૧૦ કી.મી. દુર, વડોદરા શહેરની દક્ષિણ – પશ્ચિમે, વડોદરા મહાનગર સેવાસદનની ગોત્રી ગામની હદને લાગુમાં સેવાસી ટી.પી. ૨ બનાવવામાં આવેલ છે. જે હાલ મુસધ્દારૂપ છે. જે ને નગર રચના અધિકારીશ્રી ધ્વારા અંતિમ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. વુડા ધ્વારા હાલમાં નગર રચના યોજના સેવાસી-૧ ના અમલીકરણની કામગીરી કરેલ છે. જેમાં ગોત્રી – સીધરોટ મુખ્ય રસ્તાથી ૩૦ મી. નો સેવાસી ટી.પી. -૧ નો રસ્તો પૂર્ણ કરેલ છે. ત્યારબાદ સેવાસી ટી.પી.-૨ માં આજ ૩૦ મી. નો રોડ આગળ જઈ ભાયલી ટી.પી. ૦સ્કીમ – ૨ ને મળે છે. આ ૩૦ મી. નો રસ્તો ઈનર રીંગ રોડના પાર્ટ તરીકે પણ ડેવલોપ કરવાનો છે. આ સંજોગોમાં સેવાસી ટી.પી. ૧ પૂર્ણ થયા બાદ સેવાસી ટી.પી. ૨ માં આવતો કેનાલને સમાંતર ૩૦ મી. નો મુખ્ય રસ્તો ભાયલી ટી.પી. ૨ સુધી બનાવવાનુ નકકી કરવામાં આવેલ છે. જેના કારણે ગોત્રી – સેવાસી – સીંધરોટનો પાદરા તરફ જતો સંપૂર્ણ ટ્રાફીક આ રસ્તા ઉપર ડાયવર્ટ કરી ટ્રાફીકનુ ભારણ ઓછુ કરી શકાય તેમ છે. આમ આ અગત્યનો રસ્તો હોવાથી સેવાસી ટી.પી. ૨ નો ૩૦.૦ મી. નો રસ્તો તથા વરસાદી કાંસપર બોક્ષ કલ્વર્ટ બનાવવાનુ આયોજન કરવામાં આવેલ છે. જેની લંબાઈ આશરે ૧૧૦૦ મી. જેટલી થાય છે. જેનો અંદાજ બનાવતા રૂા.૨.૯૬ કરોડ જેટલો ખર્ચ થાય તેમ છે.

આ ઉપરાંત ભાયલી નગર રચના યોજના – ૨ ની પશ્ચિમ બાજુએ વરસાદી મોટા કાંસ આવેલ છે. જેમાં હાલમાં નગર રચના અધિકારીશ્રી ધ્વારા પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરેલ તેમાં કાંસની બન્ને સાઈડ ૯ મી. નો રસ્તો બનાવવાનુ આયોજન કરેલ છે. ભાયલી નગર રચના યોજના – ૨ ના રોડ બનાવવામાં આવેલ, તે સમયે આ રસ્તાનો સમાવેશ તેમાં કરવામાં આવેલ હતો. પરંતુ વરસાદી કાંસ ખૂબજ ઉંડો અને મોટા હોવાથી ફકત રસ્તો બનાવી શકાય તેમ નહોય, તેની સાથે સાથે કાંસને સમાંતર સેફટી વોલ પણ બનાવવી પડે તેમ છે. કે જેથી રસ્તા ઉપરના વાહનો કાંસમાં પડી કોઈ જાન હાની થાય નહી. જેથી આ રોડ અગાઉની સ્કીમમાંથી રદ કરી સેફટી વોલ સાથે બનાવવાનો નવેસરથી અંદાજ બનાવેલ જે મુજબ અંદાજે ૧૨૫૦ મી. લંબાઈમાં કાંસની બન્ને સાઈડે કાર્પેટ રોડ બનાવવા માટે બનાવેલ અંદાજ મુજબ આશરે રૂા.૨/- કરોડ તથા કાંસને પેરેલલ બન્ને સાઈડે સેફટી વોલ બનાવવાની કામગીરી કરવામાટે બનાવેલ અંદાજ મુજબ આશરે રૂા.૧.૯૦ કરોડ નો ખર્ચ થાય તેમ છે.

આમ ઉપરોકત વિગતો જોતા સેવાસી નગર રચના યોજના-૨ નો કેનાલને પેરેલલ ૩૦ મી. નો મુખ્ય રસ્તો બનાવવા માટેનો અંદાજીત ખર્ચ રૂા.૨.૯૬ કરોડ, ભાયલી નગર રચના યોજના – ૨ માં મુખ્ય કાંસની બન્ને સાઈડે કાર્પેટ રોડ તથા સેફટી વોલ બનાવવા માટેનો અંદાજીત ખર્ચ રૂા.૩.૯૦ કરોડ મળી કુલ રૂા.૬.૮૬ કરોડના કામો કરાવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૭) :** મુસધ્દારૂપ નગર રચના યોજના સેવાસી નં. ૨ નો કેનાલને પેરેલલ ૩૦.૦ મી નો મુખ્ય રસ્તો બનાવવાના કામને તથા તેના અંદાજીત ખર્ચ રૂા.૨.૯૬ કરોડ તથા ભાયલી નગર રચના યોજના – ૨ માં મુખ્ય વરસાદી કાંસની બન્ને સાઈડે કાર્પેટ રોડ અને સેફટી વોલ બનાવવા કામને તથા તેના અંદાજીત ખર્ચ રૂા.૩.૯૦ કરોડને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી. આમ બન્ને કામોના કુલ અંદાજીત ખર્ચ રૂા.૬.૮૬ કરોડના કામોને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર : (૭) : મોજે ભાયલી ખાતે સૈયદ વાસણા, કોર્પોરેશન લીમીટથી ભાયલી ગામ સુધીના ચાર ટી.પી. સ્કીમોની વચ્ચેથી પસાર થતા ૨૪ મી. ના ડી.પી. રોડ બનાવવા બાબત.**

વુડા વિસ્તારમાં સમાવેશ થતા ભાયલી ગામ તથા તેની આજુ-બાજુ નો વિસ્તાર ખુબજ ડેવલોપ થઈ રહેલ છે. વુડા ધ્વારા ગામતળની ઉત્તર-પૂર્વ તરફ આવેલ વિસ્તારોમાં કુલ ૪ નગર રચના યોજનાઓ બનાવેલ છે. આ ચાર નગર રચના યોજનાઓના અમલીકરણની કામગીરી વુડા ધ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૪૧(૧) હેઠળની જોગવાઈઓ અનુસાર, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે ભવિષ્યનો વિકાસ સુઆયોજીત રીતે થાય તે માટે હાથ ધરવામાં આવેલ છે. જે પૈકી નગર રચના યોજના - ૧ ના ટી.પી. રોડની તમામ કામગીરી પૂર્ણ કરેલ છે. જયારે નગર રચના યોજના - ૨, ૩ તથા ૪ ના રોડના પઝેશનો મેળવી તેના અમલીકરણના ભાગરૂપે ટી.પી. સ્કીમના તમામ રોડો બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. દરેક ટી.પી. સ્કીમમાં ૧૮ મી. કે તેથી મોટા રોડો ૫.૫ મી. ના સેન્ટર ડીવાઈડર સાથે તથા તેથી નાના રોડ ૫.૫ મી. ના સીગલ ટ્રેક બનાવવાનુ આયોજન કરેલ છે. આ ચાર સ્કીમો એક સાથે આવેલ છે તથા કોર્પોરેશન લીમીટને અડીને સૈયદ વાસણા ટી.પી. સ્કીમ બાદ તરતજ આવે છે. આ ચારે ટી.પી. સ્કીમોની વચ્ચેથી માર્ગ અને મકાન વિભાગનો રોડ પસાર થાય છે. વુડામાં હાલમાં અમલી થયેલ ધ્વીતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં સુચિત રોડ ૨૪ મી. નો કરવામાં આવેલ છે. સદર રોડ ઉપર ખુબજ ડેવલોપમેન્ટ થઈ રહેલ છે અને તેમાં પણ ખાસ કરીને બ્રાઈટ ડે સ્કુલ તથા નજીકમાં નવરચના જેવી મોટી-મોટી શાળા તથા યુનીવર્સીટી આવેલ છે. સુચિત માર્ગ અને મકાન વિભાગનો રસ્તો ૫.૦૦ મી નો હયાત છે. જેમાં આ રોડ ઉપર સ્કુલોના પીક-અપ અવર્સમા ખુબજ ટ્રાફીક રહે છે. જેના કારણે ખુબજ અકસ્માતો થાય છે. વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા સૈયદ વાસણા ટી.પી. સ્કીમમાંથી પસાર થતા ૨૪.૦૦ મી. ના ડી.પી. રોડમાં કોર્પોરેશનની લીમીટ સુધી ડીવાઈડર સાથે ડબલટ્રેકનો રોડ બનાવવાનુ નકકી થયેલ છે. સદર રસ્તાને અડીને આવેલ વુડાની ટી.પી. સ્કીમોમાં વુડા ધ્વારા રોડના કામો પુરતી પહોળાઈમાં કરવામાં આવે છે. આ બાબતને ધ્યાને લઈ સ્થાનીક રહીશો ધ્વારા કોર્પોરેશન લીમીટથી ગામના દરવાજા સુધી સદર ૨૪.૦૦ મી. ના ડી.પી. રોડને પણ ડબલ ટ્રેક રોડ ડીવાઈડર સાથે મોટો કરવાની માંગણી કરેલ છે.

ઉપરોકત વિગતો જોતા વુડા ધ્વારા ચારે ટી.પી. સ્કીમોનુ અમલીકરણ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હોય તેની સાથે સ્કુલો તથા અન્ય ટ્રાફીકના ભારણને જોતા તથા આ વિસ્તારનો થઈ રહેલ ઝડપી વિકાસને જોતા ૨૪.૦૦ મી. નો સુચિત ડી.પી. રોડ બનાવવો ખુબજ જરૂરી હોવાથી આ અંગેનો મુધ્દો વુડા બોર્ડ બેઠક નં. ૨૧૪ તા.૩૧/૩/૨૦૧૨ માં રજુ કરાતા તેમા થયેલ ઠરાવ ક્રમાંક ૨૦૮૨ પ્રમાણે કુલ સેન્ટ્રલ ડીવાઈડર સાથે ૮ મી. ના બે ટ્રેક બનાવવા માટે કુલ રૂા.૬.૫૦ કરોડ ના કામને મંજુરી આપવામાં આવેલ હતી. અને તે મુજબ ઓનલાઈન ટેન્ડર ઓફરો મંગાવવામાં આવેલ હતી. પરંતુ આવેલ ટેન્ડર ઓફરો ટેકનીકલ કારણોસર નામંજુર કરી નવેસરથી ટેન્ડર ઓફરો મંગાવવાનુ નકકી થયેલ છે. વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા વાસણા રોડપરની કોર્પોરેશનની હદ સુધી રોડ બનાવવાની કામગીરી શરૂ કરેલ છે. કોર્પોરેશનની હદ પુરી થયા બાદ તેજ રોડ ભાયલી ગામ સુધી લંબાવવાનો હોય, કોર્પોરેશનની ડીઝાઈનો મુજબ સેન્ટર ડીવાઈડર, આર.સી.સી. કાસ્ટીંગમાંથી બનાવવાની કામગીરી તથા પત્થર પેવરના ફુટપાથો બનાવવા વિગેરે કામગીરીમાં ફેરફાર કરી કોર્પોરેશન તથા વુડાની કામગીરી એકરૂપ દેખાય તે હેતુથી ફેરફાર સહ નવેસરથી અંદાજો બનાવતા કુલ રૂા.૯.૧૦ કરોડ નો અંદાજીત ખર્ચ થાય તેમ છે. આ અંગે રીવાઈઝડ અંદાજ મુજબ કામગીરી કરાવવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૮) :** મોજે સૈયદ વાસણા ખાતેની કોર્પોરેશનની હદબાદથી ભાયલી ગામ સુધી વુડાની ચાર ટી.પી. સ્કીમો ભાયલી ૧, ૨, ૩ અને ૪ ની વચ્ચેથી પસાર થતા ૨૪.૦ મી. નો ડી.પી. રોડ, માર્ગ અને મકાન વિભાગની હાલની હયાત રોડ એલાઈમેન્ટ મુજબ ભાયલી ગામના મુખ્ય ગેટ સુધી સેન્ટ્રલ ડીવાઈડર સાથેના બે ટ્રેક તથા ફુટપાથ સાથે બનાવવાનો થનાર રીવાઈઝડ અંદાજીત ખર્ચ રૂા.૯.૧૦ કરોડના કામને સર્વાનુમતે મંજુરી આપવામાં આવી તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર (૮) : મોજે ચાપડ, તા.જી.વડોદરાના બ્લોક નં.૪૯૦,૪૯૨ વાળી જમીનમાં તળાવ રદ કરી લાગુ ઝોન કરવા બાબત.**

મોજે ચાપડ, તા.જી.વડોદરાના બ્લોક નં.૪૯૦, ૪૯૨ વાળી જમીન વુડાની મંજુર અને હાલ અમલી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં તળાવ તરીકે દર્શાવેલ છે. પરંતુ આ જમીનોના ૭/૧૨ તથા હક પત્રકની નકલો જોતા સવાલવાળી જમીન ખાનગી માલીકીની છે. જેમાં બ્લોક નં.૪૯૦ વાળી હે.૦.૫૩.૬૨ વાળી જુની શરતની જમીન કબજેદાર શ્રી ભીખાભાઈ રાવજીભાઈ પટેલ વિગેરેના ખાતે ચાલતી હતી જેઓ પાસેથી રાકેશભાઈ કાંતીભાઈ પટેલ એ વેચાણ રાખવાથી ગામ રેકર્ડમાં પડેલ ફેરફાર નોંધ નં.૨૨૩૦ તા.૨૬/૧૧/૨૦૧૦ થી વેચાણ રાખનાર પટેલ રાકેશભાઈ કાંતીભાઈના ખાતે દાખલ થયેલ છે. જયારે બ્લોક નં.૪૯૨ વાળી જમીન જુની શરતની છે જે કબજેદાર શ્રી પટેલ સુનીલભાઈ વિનુભાઈના ખાતે ચાલતી હતી. તેઓ પાસેથી શ્રી પટેલ રાકેશભાઈ કાંતીભાઈએ વેચાણ રાખવાથી ગામ રેકર્ડમાં પડેલ ફેરફાર નોંધ નં.૨૩૬૦ તા.૩/૧/૨૦૧૨ વેચાણ રાખનાર પટેલ રાકેશભાઈ કાંતીભાઈના ખાતે દાખલ થયેલ છે. આ જમીનોને વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ તળાવ માંથી રદ કરી ઝોન નકકી કરવા જણાવેલ છે. સ્થળ સ્થિતી મુજબ સ્થળે તળાવ નથી તથા ખેતી થાય છે. આ અંગે ડીઆઈએલઆરશ્રી , વડોદરા દ્વારા તેઓના રેકર્ડ પર પણ તળાવના હેડ પર ન હોવાનું તથા મામલતદારશ્રી, વડોદરા ગ્રામ્ય દ્વારા પણ આ જમીન ખેતી સદરે ચાલતી હોવાનું જણાવેલ છે. આથી અરજદારશ્રીની વિકાસ યોજનામાંથી તળાવ રદ કરી લાગુ ઝોન કરવાની રજુઆત અંગેનો મુધ્દો રજુ થતા સવાલવાળી જમીનમાં સ્થળ સ્થિતિ મુજબ ખેતી થતી હોઈ તથા રેવન્યુરેકોર્ડ તથા ડી.આઈ.એલ. આર.શ્રીના રેકર્ડ મુજબ પણ ખાનગી માલીકીની જમીન દર્શાવેલ હોઈ સવાલવાળી જમીનને તળાવમાંથી રદ કરી લાગુ ઝોનમાં ઝોનફેર કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરાતા ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૧૩૯) :** મોજે ચાપડ, તા. જી. વડોદરાના બ્લોક નં. ૪૯૦, અને ૪૯૨ વાળી જમીનમાં વુડાની મંજુર દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવેલ તળાવ રદ કરી લાગુ ઝોનમાં ઝોન ફેર કરવા સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવી આપવા તથા આ અંગેની આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુધ્દા નંબર ( ૯) : મોજે જાંમ્બુવાના નકશામાં વિકાસ યોજનામાં સ.નં.૪૧૮ થી ૩૯૯ અને ૩૦૫ થી સીમાડા સુધીની રસ્તારેષામાં લખેલ ૧૨.૦ મીટર બદલે ૧૮.૦ મીટર સુધારવા બાબત.**

વુડાની મંજુર અને અમલી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના મુજબ મોજે જામ્બુવાના નકશામાં સુચિત ૬૦.૦ મીટરના રસ્તાની ઉત્તરે સ.નં.૪૧૪ થી ૧૮.૦ મીટરનો રસ્તો દર્શાવેલ છે. આ ૧૮.૦ મીટરનો રસ્તો આગળ જતા સ્કેલ મુજબ ૧૮.૦ મીટરનો હોવા છતાં ૧૨.૦ મીટરનો લખેલ છે. એજ રીતે નેશનલ હાઈવે નં.૮ થી ગામતળ થઈ સીમાડા સુધીનો આલમગીર જતો રસ્તો સ્કેલ મુજબ ૨૪.૦ મીટરનો થતો હોવા છતાંયે ૧૮.૦ મીટર નો લખેલ હોવાથી વિકાસ પરવાનગી આપવાના સમયે માર્જીન તથા એફએસઆઈની ગણતરીમાં વિસંગતતા ઉભી થતી હોઈ વડોદરા મહાનગર સેવાસદન દ્વારા આ બાબતે વુડાનો અભિપ્રાય મંગાવેલ છે. આથી ઉપરની વિગતે સ્કેલ મુજબ ૧૮.૦ મીટરનો રસ્તો તથા ૨૪.૦ મીટરનો રસ્તાઓ લખાણની ભુલથી અનુક્રમે ૧૨.૦ મીટર તથા ૧૮.૦ મીટર દર્શાવેલ છે. જે સુધારો કરવાનો થાય આથી વિકાસ યોજનાના મંજુર નકશામાં રસ્તારેષામાં કોઈ સુધારો કરવાનો થતો નથી. પરંતુ ફકત લખાણમાં સુધારો કરવાનો થતો હોઈ લખાણમાં સુધારો કરી તે મુજબ વિકાસ યોજનાના નકશામાં દર્શાવી અમલ કરવા અંગેની મંજુરી અંગેનો મુધ્દો ચર્ચા વિચારણા તથા મંજુરી અંગે વુડા બોર્ડ સમક્ષ રજુ થતા મોજે જામ્બુવાના વિકાસ યોજનાના નકશામાં રસ્તારેષામાં સ્કેલમાં ૧૮.૦ મીટર તથા ૨૪.૦ મીટરનો રસ્તો દેખાતો હોઈ, પ્રિન્ટીગ ભુલથી અનુક્રમે ૧૨.૦ મીટર તથા ૧૮.૦ મીટર લખાયેલ છે. આથી રસ્તારેષામાં કોઈ સુધારો કરવાનો થતો નથી. પરંતુ લખાણમાં સુધારો થતો હોઈ, લખાણમાં સુધારો કરી તે મુજબ વિકાસ યોજનાના નકશામાં દર્શાવી અમલ કરવા વડોદરા મહાનગર સેવાસદનને અભિપ્રાય આપવા સર્વાનુમત નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૪૦ ):** વડોદરા મહાનગર સેવાસદન દ્વારા મંગાવેલ અભિપ્રાય અન્વયે મોજે જાંમ્બુવાના નકશામાં વિકાસ યોજનામાં સ.નં.૪૧૮ થી ૩૯૯ અને ૩૦૫ થી સખાડા સુધીની રસ્તારેષામાં લખેલ ૧૨.૦ મીટરનો રસ્તો સ્કેલમાં ૧૮.૦ મીટર હોવાથી તથા નેશનલ હાઈવે નં.૮ થી ગામતળ થઈ સીમાડા સુધીનો આલમગીર જતી રસ્તારેષામાં લખેલ ૧૮.૦ મીટરનો રસ્તો સ્કેલ મુજબ ૨૪.૦ મીટર હોવાથી સ્કેલ મુજબની પહોળાઈનો લખાણમાં સુધારો કરી તે મુજબ વિકાસ યોજનામાં દર્શાવી અમલ કરવા વડોદરા મહાનગર સેવાસદનને અભિપ્રાય પાઠવવા તથા આ અંગેની આગળની કાર્યવાહી કરવાની તમામ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવામાં આવી.

**મુધ્દા નંબર (૧૦) : આર્કિટેકટ, એન્જીનીયર, સ્ટ્રકચરલ એન્જીનીયર, સાઈટ સુપર વાઈઝર,કલાર્ક ઓફ વર્કસ, સ્ટ્રકચર એક્ષપર્ટ તેમજ ટેસ્ટીગ લેબોરેટરીના રજીસ્ટ્રેશન ફી નકકી કરવા બાબત.**

વુડાની મંજુર અને અમલી દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાને સંલગ્ન મંજુર અને અમલી જીડીસીઆર મુજબ આર્કિટેકટ, એન્જીનીયર, સ્ટ્રકચરલ એન્જીનીયર, સાઈટ સુપર વાઈઝર, કલાર્ક ઓફ વર્કસ, સ્ટ્રકચર એક્ષપર્ટ તેમજ ટેસ્ટીગ લેબોરેટરીના રજીસ્ટ્રેશન માટે ઓથોરીટી દ્વારા રજીસ્ટ્રેશન ફી નકકી કરી રજીસ્ટ્રેશન આપવાનું રહે છે. આ રજીસ્ટ્રેશન પાંચ વર્ષ સુધી માન્ય રહે છે ત્યારબાદ દર પાંચ વર્ષે રીન્યુઅલ કરવાનું થાય છે. અગાઉ તા.૨૬/૦૯/૨૦૦૧ ના રોજની વુડા બોર્ડ બેઠકના ઠરાક કંમાક : ૧૫૪૦ થી તથા તા.૦૧/૦૮/૨૦૦૩ ના રોજની વુડા બોર્ડ બેઠકના ઠરાક ક્રમાક : ૧૬૭૮ થી રજીસ્ટ્રેશન ફી તથા રીન્યુઅલ ફી નકકી થયેલ છે. જેમાં દર વર્ષે રીન્યુઅલ કરવાની જોગવાઈ છે. જે ફી ના ધોરણો નીચે મુજબ છે.

| | **ફીના ધોરણો** | **રજીસ્ટ્રેશન ફી** | **રીન્યુઅલ ફી** |
|---|---|---|---|
| (૧) | આર્કિટેકટ / એન્જીનીયર | રૂ.૧૦૦૦.૦૦ | રૂ.૫૦૦.૦૦ |
| (૨) | સ્ટ્રકચરલ એન્જીનીયર | રૂ.૧૦૦૦.૦૦ | રૂ.૫૦૦.૦૦ |
| (૩) | સાઈટ સુપરવાઈઝર | રૂ.૧૦૦૦.૦૦ | રૂ.૫૦૦.૦૦ |
| (૪) | કલાર્ક ઓફ વર્કસ | રૂ.૧૦૦૦.૦૦ | રૂ.૫૦૦.૦૦ |
| (૫) | સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષપર્ટ | રૂ.૨૦૦૦.૦૦ | રૂ.૧૦૦૦.૦૦ |
| (૬) | ટેસ્ટીગ લેબોરેટરી | રૂ.૧૦૦૦.૦૦ | રૂ.૫૦૦.૦૦ |

ઉપરોકત વિગતે નકકી થયેલ ફી ના ધોરણો વાર્ષિક હતા. હવે દર પાંચ વર્ષે રીન્યુઅલ કરવાના થતા હોય તથા છેલ્લા ૧૦ વર્ષથી આ દરોમાં કોઈ વધારો કરેલ ન હોઈ, જરૂરી વધારા સાથે રજીસ્ટ્રેશન ફી ના દરો નકકી કરવા જરૂરી જણાતા હોઈ, નીચે દર્શાવ્યા મુજબના ફી ના ધોરણો નકકી કરવા અંગે મુધ્દો બોર્ડ સમક્ષ રજુ કરવાનો થાય.

| | **ફીના ધોરણો** | **રજીસ્ટ્રેશન ફી** | **રીન્યુઅલ ફી** |
|---|---|---|---|
| (૧) | આર્કિટેકટ / એન્જીનીયર | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૨) | સ્ટ્રકચરલ એન્જીનીયર | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૩) | સાઈટ સુપરવાઈઝર | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૪) | કલાર્ક ઓફ વર્કસ | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૫) | સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષપર્ટ | રૂ.૭૫૦૦.૦૦ | રૂ.૫૦૦૦.૦૦ |
| (૬) | ટેસ્ટીગ લેબોરેટરી | રૂ.૭૫૦૦.૦૦ | રૂ.૫૦૦૦.૦૦ |

ઉપરોકત ફી ના ધોરણો અંગે વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થેનો મુધ્દો રજુ થતા પ્રવર્તમાન જી.ડી.સી.આરમાં પ્રતિ પાંચ વર્ષ દીઠ રજીસ્ટ્રેશન કરવા થયેલ જોગવાઈ અન્વયે ફી માં વધારો કરવો જરૂરી જણાતો હોઈ, ઉપર દર્શાવેલ રજીસ્ટ્રેશન ફી ના ધોરણો રાખવા સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૪૧):** આર્કિટેકટ, એન્જીનીયર, સ્ટ્રકચરલ એન્જીનીયર, સાઈટ સુપર વાઈઝર, કલાર્ક ઓફ વર્કસ, સ્ટ્રકચર એક્ષપર્ટ તેમજ ટેસ્ટીગ લેબોરેટરીના રજીસ્ટ્રેશન માટે દર પાંચ વર્ષે રીન્યુ કરાવવાની જી.ડી.સી.આર.ની જોગવાઈ અન્વયે નીચે મુજબ રજીસ્ટ્રેશન ફી માં વધારો કરવા તથા તે મુજબ અમલ કરવા ઠરાવવામાં આવ્યું.

| | **ફીના ધોરણો** | **રજીસ્ટ્રેશન ફી** | **રીન્યુઅલ ફી** |
|---|---|---|---|
| (૧) | આર્કિટેકટ / એન્જીનીયર | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૨) | સ્ટ્રકચરલ એન્જીનીયર | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૩) | સાઈટ સુપરવાઈઝર | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૪) | કલાર્ક ઓફ વર્કસ | રૂ.૫૦૦૦.૦૦ | રૂ.૩૦૦૦.૦૦ |
| (૫) | સ્ટ્રકચરલ ડીઝાઈન એક્ષપર્ટ | રૂ.૭૫૦૦.૦૦ | રૂ.૫૦૦૦.૦૦ |
| (૬) | ટેસ્ટીગ લેબોરેટરી | રૂ.૭૫૦૦.૦૦ | રૂ.૫૦૦૦.૦૦ |

**મુધ્દા નંબર (૧૧) : જીડીસીઆર ફોર સ્ટ્રકચરલ સેફટી અનુસંધાને વુડા ખાતે ટેસ્ટીગ લેબોરેટરીને અધિકૃત કરવા બાબત.**

સ્ટ્રકચર સેફટીના નિયમો મુજબ મટેરીયલ્સ ટેસ્ટીગ માટે લેબોરેટરીને અધિકૃત કરવા લાયકાતો, ફરજો અને જવાબદારીએ વુડા બોર્ડ નં.૧૬૭ ના ઠરાવ ક્રમાંક : ૧૪૭૯ થી નકકી થયેલ છે. જેમાં મળેલ અરજીઓ ચકાસણી કરી વુડા બોર્ડ સમક્ષ રજુ કરી મંજુરી આપવા ઠરાવેલ હતું. હાલ ટેસ્ટીગ લેબોરેટરી માટે સાઈ જીયોટેકનીકલ લેબની એક અરજી મળેલ છે. જેમાં લેબોરેટરી પાંચ વર્ષ ઉપરાંતથી કાર્યરત હોવાના પુરાવા રજુ કરેલ છે. તથા કયા કયા ટેસ્ટ કરવામાં આવે છે તેની, ટેસ્ટીગ સાધનોની તથા ટેકનીકલ સ્ટાફની વિગતો રજુ કરેલ છે. જે ચકાસતા આ લેબોરેટરી નિયત થયેલ લાયકાતો ધરાવે છે તથા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર માં રજીસ્ટ્રેશન થયેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા પણ સરકારમાન્ય લેબોરેટરી તરીકે માન્યતા મળેલ છે તથા વિવિધ સરકારી સંસ્થાઓમાં પણ લેબોરેટરી માન્યતા ધરાવતી હોવાનું જણાવેલ છે. જે જોતા ટેસ્ટીગ લેબોરેટરી તરીકે અધિકૃત કરવાની નિયત લાયકાતો મુજબ યોગ્ય જણાતુ હોઈ સાઈ જીયો ટેકનકિલ લેબને અધિકૃત કરવા અંગેનો મુદો વુડા બોર્ડ બેઠકમાં ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે મુધ્દો રજુ થતા ચર્ચા કરવામાં આવી તથા ટેસ્ટીગ લેબોરેટરી અધિકૃત કરવા માટે રજુ થયેલ સાઈ જીયો ટેકનીકલ લેબની દરખાસ્તમાં ટેસ્ટીગ લેબોરેટરી માટે નિયત થયેલ લાયકાતો મુજબની હોઈ, તેઓને ટેસ્ટીગ લેબોરેટરી તરીકે અધિકૃત કરવા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૧૪૨ ):** ટેસ્ટીગ લેબોરેટરી અધિકૃત કરવા માટે મળેલ સાઈ જીયો ટેકનીકલ લેબની અરજી ચકાસતા તેઓ નીયત લાયકાત ધરાવતા હોઈ, ટેસ્ટીગ લેબોરેટરીને અધિકૃત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૧૨) : નગર રચના યોજના વેમાલી નં.૧ ના ૩૦.૦ મીટર પહોળા રસ્તામાં દર્શાવેલ રીવરડાઈવર્ઝન ચેનલ અન્ડરગ્રાઉન્ડ દર્શાવવા સુધારો કરવા બાબત.**

મોજે વેમાલી તથા સમાની જમીનોમાં પ્રારંભિક મંજુર નગર રચના યોજના વેમાલી નં.૧ માં વડોદરા બ્રાન્ચ કેનાલને અડીને સમાંતર ૩૦ મીટરનો રસ્તો દર્શાવેલ છે. જેમાં વુડાની મંજુર દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજનાના વિલેજ મેપમાં ૩૦ મીટરના રસ્તાને ૧૮.૦ મીટરનો રસ્તો તથા ૧૨.૦ મીટર રીવર ડાયવરઝન ચેનલમાં તબદીલ કરવામાં આવેલ છે. આથી નગર રચના યોજનામાં ૩૦.૦ મીટર પહોળાઈમાં દર્શાવેલ રસ્તો વિકાસ યોજનામાં ૧૮.૦ મીટર પહોળાઈનો થવાથી રસ્તાને અડીને આવેલ ફાઈનલ પ્લોટોમાં વિકાસ પરવાનગી આપતી વખતે ૩૦ મીટરના રસ્તાને બદલે ૧૮.૦ મીટર માટે જીડીસીઆરમાં થયેલ જોગવાઈ મુજબ એફએસઆઈની ગણતરી કરીને હાલ વિકાસ પરવાનગીના પ્રકરણોનો નિકાલ કરવામાં આવે છે. પરંતુ આ રીતે કરવાથી એફએસઆઈ ૨.૦ મીટર ને બદલે ૧.૮ મળતી હોવાથી રસ્તાને લાગુ ફાઈનલ પ્લોટ ધારકો દ્વારા આ ફાઈનલ પ્લોટોમાં ૩૦ મીટર રસ્તો ધ્યાને રાખીને વ્યવહારો થયેલ હોઈ આર્થિક નુકશાન જાય તેમ હોવાનું જણાવી ૧૨.૦ મીટરની ચેનલ અન્ડરગ્રાઉન્ડ દર્શાવી નગર રચના યોજનાના નકશામાં દર્શાવેલ ૩૦.૦ મીટરની પહોળાઈ પ્રમાણેજ રસ્તો દર્શાવવા રજુઆત કરેલ છે. તથા અગાઉ મંજુર થયેલ કેસોમાં પણ ૩૦.૦ મીટર રસતો ગણીને પરવાનગીઓ અપાયેલ છે. જે અન્વયે નગર રચના યોજના વિસ્તાર પુરતી ૧૨.૦ મીટર રીવર ડાયવરઝન ચેનલને અન્ડર ગ્રાઉન્ડ રાખી જે તે વિલેજ મેપમાં ૩૦ મીટરનો રસ્તો યથાવત કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા અંગેનો મુદો વુડા બોર્ડ બેઠકમાં ચર્ચા-વિચારણા તથા નિર્ણય અર્થે મુધ્દો રજુ થતા ચર્ચા-વિચારણા કરવામાં આવી તથા નગર રચના યોજના વિસ્તાર પુરતી ૧૨.૦ મીટર રીવર ડાયવરઝન ચેનલને અન્ડર ગ્રાઉન્ડ રાખી જે તે વિલેજ મેપમાં ૩૦ મીટરનો રસ્તો યથાવત કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સરકારશ્રીમાં ફાળવી આપવા સર્વ સભ્યશ્રીની સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાંક (૨૧૪૩):</u>** : મોજે વેમાલી તથા સમાની જમીનોમાં પ્રારંભિક મંજુર નગર રચના યોજના વેમાલી નં.૧ માં વડોદરા બ્રાન્ચ કેનાલને અડીને સમાંતર ૩૦ મીટરના રસ્તાને ૧૮.૦ મીટરનો રસ્તો તથા ૧૨.૦ મીટર રીવર ડાયવરઝન ચેનલમાં તબદીલ કરવામાં આવેલ છે. તેમાં નગર રચના યોજના વિસ્તાર પુરતી ૧૨.૦ મીટર રીવર ડાયવરઝન ચેનલને અન્ડર ગ્રાઉન્ડ રાખી જે તે વિલેજ મેપમાં ૩૦ મીટરનો રસ્તો યથાવત કરવા કાયદાની કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સરકારશ્રીમાં પાઠવી આપવા તથા આગળની સઘળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**મુધ્દા નંબર (૧૩) : મોજે પાદરાની નગર રચનાઓ ન.૨ ના ફાયનલ પ્લોટ નં.૬૬ વાળી બાગબગીચા માટે અનામત જમીન બાગ બનાવવા પાદરા નગર પાલિકાને સોપવા બાબત.**

મોજે પાદરાની નગર રચના યોજના નં.૨ ના ફાઈનલ પ્લોટ નં.૬૬ વાળી જમીન બાગબગીચા માટે અનામત રાખેલ છે. આ જમીન પાદરા નગરની જનતાને બાગની સુવિધા માટે ઉપલબ્ધ થાય તે માટે પાદરા નગર પાલિકા દ્વારા તા.૩૦/૦૧/૨૦૧૩ ના સામાન્ય સભાના ઠરાવ નં.૧૮૬ થી આ જમીનમાં લોક ભાગીદારીથી ગાર્ડન બનાવવા માટે વુડા પાસે જમીનની માંગણી કરવા ઠરાવેલ છે. આથી સવાલવાળી બાગબગીચા માટે અનામત જમીન હાલ બીનઉપયોગી પડી રહેલ છે. જેમાં બાગ બનાવવા માટે પાદરા નગર પાલિકા જવાબદારી સ્વીકારવા તૈયાર હોઈ પાદરા નગર પાલિકાને ફકત બાગબગીચા ઉપયોગ માટે તથા આ બાગની કાયમી મરામત અને નિભાવણી કરવાની શરતે આ જમીન પાદરા નગર પાલિકાને સુપ્રત કરવા અંગેનો મુધ્દો વુડા બોર્ડ સમક્ષ ચર્ચા-વિચારણા તથા નિર્ણયાર્થે રજુ થતા ચર્ચા કરવામાં આવી તથા નગર પાલિકાને બાગ-બગીચાના ઉપયોગ માટે કાયમી મરામત અને નિભાવણી કરવાની શરતે પાદરા નગર પાલિકાને સોપવા સૈધાતિક મંજુરી આપવામાં હરકત સરખુ નથી. પરંતુ આ ફાયનલ પ્લોટનો વેરીડસ્કીમ માં સમાવેશ થતો હોઈ હદો તથા ક્ષેત્રફળમાં ટીપીઓ ધ્વારા થનાર ફેરફાર મુજબ સરકારશ્રી દ્વારા વેરીડસ્કીમ આખરી મંજુર થયા બાદ ફાયનલ પ્લોટ નં.૬૬ વાળી જમીન પાદરા નગર પાલિકાને બાગ બનાવવા માટે કબજો સોપી શકાય તેમ સર્વ સભ્યશ્રીઓ દ્વારા સર્વ સમંતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**<u>ઠરાવ ક્રમાંક (૨૧૪૪ ):</u>** મોજે પાદરાની નગર રચના યોજના નં.૨ ના ફાઈનલ પ્લોટ નં.૬૬ વાળી બાગ-બગીચા માટે અનામત વાળી જમીન પાદરા નગર પાલિકાની માંગણી અન્વયે ફકત બાગ બગીચાના ઉપયોગ માટે અને કાયમી મરામત અને નિભાવણી કરવાની શરતે પાદરા નગર પાલિકાને સોપવા સૈધાંતિક મંજુરી આપવામાં આવી પરંતુ આ ફાયનલ પ્લોટનો વેરીડસ્કીમ માં સમાવેશ થતો હોઈ હદો તથા ક્ષેત્રફળમાં ટીપીઓ ધ્વારા થનાર ફેરફાર મુજબ સરકારશ્રી દ્વારા વેરીડ સ્કીમ મંજુર થયા બાદ પાદરા નગર પાલિકાને કબજો સોપી શકાય તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી માટેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સોંપવા ઠરાવવામાં આવ્યું.

**અધ્યક્ષ સ્થાનેથી**

**મુદદા નંબર : (૧) : માધવ લેબર સપ્લાયર દવારા લેવાતી સેવાઓની મુદતમાં વધારો કરવા બાબત.**

વુડા ખાતે જુદી જુદી શાખાની કામગીરી માટે લેવાતી માધવ લેબર સપ્લાયરની સેવાઓની મુદત માર્ચ-૨૦૧૩ ના રોજ પુરી થતા તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધી ચાલુ રાખવા નિર્ણય લેવામાં આવેલ છે.હાલમાં માધવ લેબર સપ્લાયરર્સ મારફતે જુદી જુદી કાગીરી માટે કુલ-૨૦ વ્યકિતઓની સેવાઓ લેવામાં આવે છે.તેઓ દવારા અત્રેથી રાખેલ તમામ કામદારો ને અત્રેથી ચુકવાતી રકમ પ્રમાણે તમામ ચાર્જ નુ ચુકવણું નિયમિત રીતે કરતાં હોવાનું રજુ થતાં બીલો/ રસીદો આધારે જણાઇ આવે છે.

ઉપરોકત વિગતો જોતા વુડા ખાતે હાલમાં માધવ લેબર સપ્લાયરર્સ સેવાઓ સંતોષકારક જણાયેલ છે. વધુમાં સદર વ્યકિતઓની જુદી-જુદી શાખાની કામગીરી માટે જરૂરીયાત રહેતી હોય તેઓની સેવાઓ ચાલુ રાખવી યોગ્ય જણાતી હોઇ માધવ લેબર સપ્લાયરર્સ ની સેવાઓ ૩૧/૩/૨૦૧૪ સુધી ચાલુ રાખવામાં આવેલ છે જેને બહાલી આપવા મુદદો બોર્ડ સમક્ષ રજુ કરાતા ચર્ચાવિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું

**ઠરાવ ક્રમાંક (૨૧૪૫) :** વુડા ખાતે જુદી જુદી શાખાની કામગીરી માટે માધવ લેબર સપ્લાયર મારફતે લેવાતી સેવાઓ અંગે માધવ લેબર સપ્લાયર સાથે સર્વીસ ટેક્ષ,અન્ય સરકારી ટેક્ષીસ, પીએફ,ઇએસઆઇ,બોનસ વિગેરે ને સમાવિષ્ટ કરી વધુ એક વર્ષ માટે કોન્ટ્રાકટ કરવા મંજુરી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી ને સુપ્રત કરવામાં આવી.

અંતમાં હાજર રહેલ સભ્યશ્રીઓનો આભાર માની સભા સમાપ્ત થયેલ જાહેર કરવામાં આવી.

**સહી/-**
**સભ્ય-સચિવ**
**વ**
**મુખ્ય કારોબારી અધિકારી**
**શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા**

**સહી/-**
**અધ્યક્ષ**
**શહેરી વિકાસ સત્તામંડળ**
**વડોદરા.**